હિસાબ નિયામકશ્રીની કચેરી
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

**વંચાણમાં :** ગુજરાત સરકાર નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૧૦૨૧૬/૧૫૩૯૨૪/ઝ૧,સચિવાલય ગાંધીનગર, તા.૧૯/૦૩/૨૦૧૬.

**તાત્કાલિક/સમયમર્યાદા**

# : પરિપત્ર :

**વિષય :**— ફિકસ પગારના કર્મચારીઓ માટેની પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના કાર્યાન્વિત કરવા અંગે.

ઉપરોકત વંચાણે લીધેલ ઠરાવથી ફીકસ પગારના કર્મચારીઓ માટેની પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ આવરી લેવા માટે ઠરાવવામાં આવેલ છે. જે બાબતે આ યુનિવર્સિટીમાં નિયમિત ભરતીથી નીમાયેલ ફીકસ પગારના કર્મચારીઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ વીમા યોજનાનો લાભ આપવા માટે જે તે કચેરીના વડાશ્રીઓએ પોતાની કચેરીમાં ફરજ બજાવતાં ફીકસ પગારના કર્મચારી પાસેથી પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં જોડાવવા માટેનું ફોર્મ સંપૂર્ણ વિગતો સાથે ભરાવી મેળવી લેવાનું રહેશે.

**શરૂઆતના તબકકે પ્રિમિયમની રકમ વર્ષ ૨૦૧૫—૧૬ માટે કર્મચારી દીઠ રૂા.૧૨/— પ્રતિવર્ષ કર્મચારી જે યોજનામાં ફરજ બજાવતાં હોય તે યોજનામાં પગારભથ્થા સદરે બીલથી ઉગવીને કર્મચારીનું જે બેંકમાં પગારનું ખાતુ હોય તે બેંકમાં ભરેલ અરજી ફોર્મ તથા પ્રિમીયમની રકમ તાત્કાલિક (૩૧/૦૩/૨૦૧૬ પહેલા )જમા કરાવવાની કાર્યવાહી કરાવવાની રહેશે.**

વીમા નવીનીકરણ ( રીન્યુ ) ની કામગીરી દર **વર્ષે મે મહીનામાં શરૂ કરીને મે માસના છેલ્લા** બેકીંગ કામકાજના દિવસ સુધીમાં બેંકમાં પ્રિમિયમની રકમ જમા થઈ જાય તે રીતે પૂર્ણ કરવાની રહેશે.

સદરહુ પરિપત્ર માનનીય કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

જા.નં.નકૃયુ/કોમ્પ્ટ/કંટ્રોલ/૨૨૦૪ /૨૦૧૬.
નવસારી. તા.૨૬/૦૩/૨૦૧૬.

**હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

(૧) કુલસચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
(૨) આ યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ તરફ ચુસ્તપણે અમલ થવા સારૂ.
(૩) વહીવટી—વ—હિસાબી અધિકારીશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ થવા સારૂ.

ફિકસ પગારના કર્મચારીઓ માટેની
પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના
કાર્યાન્વિત કરવા અંગે

ગુજરાત સરકાર

નાણા વિભાગ

ઠરાવ ક્રમાંક:- ખરચ/૧૦૨૦૧૬/૧૫૩૯૨૪/ઝ૧

સચિવાલય,ગાંધીનગર.

તારીખ:-૧૯/૦૩/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) ના.વિ.નો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧

(૨) ના.વિ.નો તા.૦૧/૦૮/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧

(૩) ના.વિ.નો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ૧

// આમુખ //

સંદર્ભ ક્રમાંક (૧) અને (૨)માં દર્શાવેલ ઠરાવોથી રાજ્ય સરકારની કચેરીઓમાં સીધી ભરતીની નિમણૂકો ફીક્સ પગારથી કરવાની નીતિ અમલમાં મૂકવામાં આવેલ છે. સંદર્ભ ક્રમાંક (૩) ના ઠરાવથી નિયમિત ભરતીથી નિમાયેલ ફિકસ પગારના કર્મચારીઓને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના હેઠળ આવરી લેવા માટે નિર્ણય લેવામાં આવેલ છે. આ નિર્ણયને અમલમાં મુકવા માટે આથી નીચે મુજબની કાર્યપધ્ધતિ આથી ઠરાવવામાં આવે છે.

// ઠરાવ //

નિયમિત ભરતીથી નિમાયેલ ફિકસ પગારના કર્મચારીઓનું, સદરહું વીમા યોજના અન્વયેનુ, પ્રિમિયમ જમા કરાવવા માટે નીચે મુજબની પધ્ધતિ અપનાવવાની રહેશે.

(૧) આ યોજનાનો અમલ કરવાની જવાબદારી સંબંધિત કચેરીના વડાની રહેશે.

(૨) કચેરીના વડાએ પોતાની કચેરીમાં ફરજ બજાવતા ફિકસ પગારના કર્મચારીઓ પાસેથી, પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજનામાં જોડાવવા માટેનું ફોર્મ, સંપૂર્ણ વિગતો સાથે મેળવી લેવાનું રહેશે.

(૩) ઉકત ફોર્મ મળ્યા બાદ કર્મચારી દીઠ વાર્ષિક રૂ.૧૨/- ના પ્રિમિયમ લેખે ગણતરી કરીને કુલ પ્રિમિયમની રકમ, જે બેંકમાં કર્મચારીનુ બચત ખાતું (salary account) છે તે બેંકમાં, જમા કરાવવાની રહેશે. જે તે બેંકને, કર્મચારીઓની યાદી, કર્મચારીઓ દ્વારા યોજનામાં જોડાવવા માટે ભરેલ ફોર્મ સહિતની વિગતો પૂરી પાડવાની રહેશે.

**શરૂઆતના તબક્કે પ્રિમિયમની રકમ વર્ષ-૧૫/૧૬ માટે કર્મચારી દીઠ રૂ ૧૨/- લેખે બેંકમાં જમા કરાવવાની રહેશે. આ કાર્યવાહી તાત્કાલિક પૂર્ણ કરવાની રહેશે.**

(૪) આ યોજનામાં જોડાવવા અંગેનું ફોર્મ કર્મચારી પાસેથી ફકત એક જ વાર મેળવવાનું રહેશે. ત્યારબાદ પ્રિમિયમની રકમ અને કર્મચારીઓના નામોની યાદી બેંકમાં મોકલીને પોલીસી રીન્યુ કરાવવાની રહેશે.

(૫) જે કર્મચારીઓ પહેલેથી જ પોતાની રીતે આ યોજનામાં જોડાયેલ છે તેમણે તે અંગેનો આધાર (બેંક દ્વારા આપવામાં આવેલ રસીદ અથવા રકમ ઉધારાયાની પાસબુકમાં થયેલ નોંધ) રજુ

કરવાનો રહેશે. જેના આધારે તેમના બચત ખાતા(salary account)માં પ્રિમિયમની રકમ કચેરીના વડાએ જમા કરાવી દેવાની રહેશે.

(૬) વીમા નવીનીકરણ(renewal)ની કામગીરી દર વર્ષે મે મહીનામાં શરુ કરીને મે માસના છેલ્લા બેંકીગ કામકાજના દિવસ સુધીમાં બેંકમાં પ્રિમિયમની રકમ જમાં થઇ જાય તે રીતે પૂર્ણ કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ કચેરીના પગાર ભથ્થાંના સદર નીચે ઉધારવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. પી. પટેલ)
નાયબ સચિવ
નાણાં વિભાગ

પ્રતિ

- માનનીય રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- (ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટ જનરલ-૨ (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબી અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- નિવાસી તપાસણી અધિકારીશ્રીઓ, અમદાવાદ / ગાંધીનગર
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજરશ્રી,નાણા વિભાગ વેબસાઇટ ઉપર મુકવા સારૂ
- સિલેક્ટ ફાઇલ ઝ.૧ શાખા
  - પત્ર દ્વારા